વાપી મનપાની મુખ્ય કચેરીનું નવું દસ માળનું ભવન હાઈવે પર બનશે

બજેટમાં ૨૦ કરોડની જોગવાઈ, ચોમાસા બાદ કામ શરૂ થશે

વાપીમાં દમણ ગંગા નહેર વિભાગની જગ્યા મહાપાલિકા ભવન માટે સરકારે ફાળવી

બજેટમાં પાણી માટે 219.43 કરોડની જોગવાઈ, નવાં ગામો માટે નવું માળખું ઊભું થઈ શકે

વાપી મહાનગરપાલિકાના બજેટમાં સૌથી વધુ પાણી માટેના કામો અંગે 219.43 કરોડની જોગવાઈ જોવા મળે છે. છેલ્લા બજેટ ૨૫-૨૬ના વર્ષમાં પાણી માટે રૂપિયા 39,90,92,355ના ખર્ચની જોગવાઈ કરવામાં આવી હતી. આટલી મોટી રકમ પાણી માટે ફાળવવા પાછળ નવા ગામો જે મનપામાં જોડાયા છે, ત્યાં પીવાના પાણી માટે નવું માળખું ઊભું કરવાની નેમ લાગે છે. જેમાં બલીઠા, છીરી, છરવાડા, સલવાવ, નામધા અને ચંડોર, કરવડ, ચણોદ તેમજ કુંતા, મોરાઈ તેમજ વટારમાં પાણીની ટાંકી બાંધવા સહિતનો ખર્ચ સામેલ છે.

વાપીઃ વાપી મહાનગરપાલિકાના બજેટમાં મહાપાલિકાની નવી બહુમાળી બિલ્ડિંગ બનાવવાની યોજના માટે ૨૦ કરોડની પ્રારંભિક જોગવાઈ કરવામાં આવી છે. વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી માટે બલીઠા સ્થિત હાલ જ્યાં વાપીનો કામચલાવ ડેપો બનાવવામાં આવ્યો છે તે જગ્યા ફાળવવામાં આવી છે. દમણ ગંગા નહેર વિભાગની આ જગ્યા વાપી મહાનગરપાલિકાને તેના ભવનના નિર્માણ માટે ફાળવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી માટે દસ માળનું ભવન બનાવવામાં આવશે. બલીઠા સ્થિત દમણ ગંગા નહેર વિભાગની આ જગ્યાએ નેશનલ હાઈવ નં.૪૮ની લગોલગ આ બિલ્ડીંગ બનશે. તેના માટે વાપી મહાનગરપાલિકાના બજેટમાં પ્રારંભિક કામગીરી માટે ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

વાપી મહાપાલિકાના ભવનની ડીઝાઈન સહિતની કામગીરી અંતિમ તબક્કામાં હોવાથી મનપાની ચૂંટણી બાદ આ ભવનના બાંધકામનો આરંભ થાય તેવી શક્યતા છે. ચોમાસા બાદ આ બહુમાળી કચેરીના નિર્માણની શક્યતા જોવાઈ રહી છે. આ બહુમાળી દસ માળના બિલ્ડીંગ માટેના ખર્ચની જોગવાઈ આગામી બજેટમાં થઈ શકે છે.

આ ભવનમાં મહાપાલિકાની તમામ કચેરીઓ એક જગ્યાએ આવી જાય તે રીતે આ બિલ્ડીંગ બનાવવાનું આયોજન છે. ભવિષ્યમાં વાપી મનપાના વિસ્તરણને ધ્યાનમાં રાખીને મોટું ભવન બનાવવાની મનપાની યોજના છે.

વાપીમાં 15 દિવસમાં 3512 મિલકતનો વેરો વસૂલાયો

મનપાની છેલ્લી નોટિસ બાદ પણ વેરો ભરશે નહીં તેમની મિલકત જપ્ત કરી હરાજી કરાશે

વાપીઃ વાપી મનપામાં 15 દિવસમાં 3512 મિલકતધારકોએ બાકી વેરો ભરી દીધો હતો. જો છેલ્લી નોટિસ બાદ પણ વેરો ભરશે નહીં તેમની મિલકતોની જપ્તી બાદ વાપી મનપા દ્વારા હરાજીની પ્રક્રિયા હાથ ધરાશે.

આગામી ૧ એપ્રિલથી બાકી વેરાની તમામ રકમ ઉપર 12% વ્યાજ લાગી જવાનું હોવાથી માર્ચ માસના ૧૫ દિવસમાં ૩૫૧૨ મિલકત ધારકોએ પોતાનો બાકી વેરો ભરી દીધો છે. જેથી રૂ.૨.૨૬ કરોડની આવક થઈ છે અને અત્યાર સુધીમાં ૨૦૨૫-૨૬ ની કુલ રૂ.૪૧ કરોડની વસૂલાત થઇ છે. ઘરવેરા વિભાગની ટીમોએ વિવિધ વિસ્તારોમાં સરવે કરી વર્ષોથી વેરો ન ભરતા બાકીદારોની રહેણાંક મિલકતો સીલ કરવાની કામગીરી હાથ ધરી છે. ડુંગરામાં શાંતિ એન્કલેવમાં ૧૮ ફ્લેટ, સાઈકૃપા એપાર્ટમેન્ટમાં ૮ ફ્લેટ, સાગર સંગીતામાં ૧૨ ફ્લેટ, વાપીમાં એકતા રોયલમાં ૨ ફ્લેટ ચલામાં હિન્દુસ્તાન લીવર સોસાયટીના ૪ બંગલા મળી ૪૪ રહેણાંક મિલકતોને સીલ મારવામાં આવ્યા છે. આ ઉપરાંત છાંગુર ચૌહાણની ચાલીની ૧૩ રૂમ, મંજુલાબેનની ૫ રૂમ, આદીતનાથ યાદવની ૭ રૂમ વગેરે મળી ૫૨ રૂમોને તાળા મારીને રૂપિયા રૂ.3.૨૦ લાખની વસૂલાત કરવામાં આવી હતી. જે કરદાતાઓ છેલ્લી નોટિસ બાદ પણ વેરો ભરશે નહિ તેમની મિલકતોની જપ્તી બાદ હવે હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મહાનગરપાલિકાની ટીમ હાલમાં દરેક વિસ્તારમાં સક્રિય છે અને બાકીદારો સામેની ઝુંબેશ આગામી દિવસોમાં વધુ તેજ બનશે.

વલસાડ પાલિકાના સભ્યોએ સફાઈ એજન્સીનો ઉધડો લીધો

કોન્ટ્રાક્ટની રકમ ડબલ કરવા છતાં કામગીરીમાં વેઠ ઉતારતાં સભ્યો લાલઘૂમ

33 વાહન, 33 ડ્રાઇવર જોવા જ ન મળ્યા

સવારે 7 વાગ્યાથી પાલિકાના અનેક સભ્યો પાલિકા પર પહોંચી ગયા હતા. તેમણે જઇને જોતાં કોન્ટ્રાક્ટરના 33 વાહન જોવા ન મળતાં કોન્ટ્રાક્ટરે ગલ્લા તલ્લા કર્યા હતાં. જેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો તેમજ આ વાહનો તો નહીં અને ડ્રાઇવરો પણ જોવા મળ્યા ન હતા તેમજ સફાઇ કામદારો 66 ના બદલે માત્ર 15થી 17 જેટલા જ જોવા મળ્યા હતા. જેને લઇ સફાઇ એજન્સીના મેળાપીપણામાં કરોડોના ભ્રષ્ટાચારના ષડયંત્રની પોલ ખુલી ગઇ હતી.

વલસાડઃ વલસાડ નગરપાલિકામાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કોન્ટ્રાક્ટમાં ઘરખમ વધારો કરાતા પાલિકાના અનેક સભ્યોએ તેનો વિરોધ કર્યો હતો. ત્યારબાદ પાલિકાના 22 સભ્યોએ ચીફ ઓફિસરને આ એજન્સીને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી હતી અને આજરોજ વહેલી સવારે પાલિકા પર આવી એજન્સી દ્વારા કેટલા વાહનો અને કેટલા કામદારો લવાયા હતા તેની ગણતરી કરી તેનો ઉધડો લીધો હતો. જેના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર શહેરમાં પડ્યા હતાં.

વલસાડ નગરપાલિકાએ ડોર ટુ ડોર કચરો ઉપાડવા માટે નાગપુરની અને બરોડાની એનવાયરો વેસ્ટ મેનેજમેન્ટ કંપનીને કોન્ટ્રાક્ટ આપ્યો હતો. આ કોન્ટ્રાક્ટ ગત વર્ષના રૂ.1.7 કરોડના કોન્ટ્રાક્ટમાં વધારો કરી આ વર્ષે રૂ. 3.5 કરોડનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. જેની સામે પાલિકાના સભ્યોના એક જૂથે અનેક સ્તરે રજૂઆત કરી હતી. કોન્ટ્રાક્ટ અંગે અનેક મુદ્દે મોટી મોટી વાતો કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, હવે કચરો ઉઠાવવા માટે બંધ વાહનો રહેશે. વાહનોમાં વધારો થશે, તેમાં જીપીએસ સિસ્ટમ લગાવાશે, જેનાથી કોઇ પણ જગ્યાએ કચરો જોવા મળે તો તેનું લોકેશન આપી તેને ઉઠાવડાવી લેવાશે. જોકે, આ તમામ વાતનું સુરસુરિયું નિકળી ગયું હતું. આ એજન્સી દ્વારા ગત કોન્ટ્રાક્ટરની જેમ રૂટીન પણ કચરો લેવાતો ન હોવાની બૂમરાણ ઊઠી હતી. ભાજપી સભ્યોના એક જૂથે આજરોજ સવારે જ કોન્ટ્રાક્ટરનો ઉઘડો લીધા બાદ ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું કે, તાત્કાલિક તેની ડિપોઝીટ જપ્ત કરી તેને બ્લેક લિસ્ટ કરો તેમજ કચરો ઉપાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરો.

ઘરખર્ચ મુદ્દે ભાઈનો નાના ભાઈ અને તેની પત્ની પર હુમલો

ખેરગામના આછવણી ગામે બનેલી ઘટનામાં જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી

ખેરગામઃ ખેરગામ તાલુકાના આછવણી ગામે ઘરખર્ચના નાણાંની લેતીદેતી મામલે સગા મોટા ભાઈએ નાના ભાઈ અને તેની પત્ની પર બેટ વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા મામલો ખેરગામ પોલીસમથકે પહોંચ્યો હતો.

ખેરગામના આછવણી ગામના કોલ ફળિયામાં રહેતા ભાવેશભાઈ રાયસિંગભાઈ પટેલે પોતાના મોટા ભાઈ મહેશભાઈ સાથે મળીને ઘર બનાવ્યું હતું. આ મકાન બાંધકામમાં મહેશભાઈએ જે ખર્ચ કર્યો હતો તેનાં નાણાંની તેઓ અવારનવાર ઉઘરાણી કરતા હતાં. ગત તા.૧૫ માર્ચના રોજ સાંજે સાતેક વાગ્યાના સુમારે મહેશભાઈએ ફરી નાણાંની માંગણી કરી હતી. જેના જવાબમાં ભાવેશભાઈએ જણાવ્યું હતું કે હાલ મારી પાસે સગવડ નથી. જેવી સગવડ થશે એટલે હું તમને પૈસા આપી દઈશ. પૈસાની સગવડ અત્યારે ન હોવાનું સાંભળતા જ મહેશભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને આવેશમાં આવી જઈ ભાવેશ તથા તેમની પત્નીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. ઉશ્કેરાયેલા મોટા ભાઈએ બેટ વડે ભાવેશભાઈના માથા, બાવડા અને પીઠના પાછળના ભાગે આડેધડ ફટકા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ હિંસક હુમલા બાદ ભાવેશભાઈ પટેલે ખેરગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ બિપીનભાઈ કાંતુભાઈ કરી રહ્યા છે.

દમણના હત્યાના પ્રયાસના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

દમણઃ સંઘપ્રદેશ દમણમાં 6 ફેબ્રુઆરી 2024 ના રોજ ડાભેલ આટીયાવાડ ચાર રસ્તા પાસે ફરિયાદી ચાઈનીઝ શોપ પાસે ઊભા હતા ત્યારે ચાર શખ્સ ફરિયાદી પર હથોડી, છરી જેવા હથિયાર વડે હુમલો કરી મારમારી ફરાર થઈ ગયા હતા. ફરિયાદના આધારે પોલીસે આ મામલે ગુનો દાખલ કર્યો હતો. પોલીસે આ ગુનામાં અગાઉ અમિત નિર્મલ મંડલ, સોનું સિંહ અને અનમોલ સિંહની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. જ્યારે ફરાર મુખ્ય આરોપી ગૌરવ શર્મા ઉર્ફે ગોલુ શર્માને પોલીસે પકડી પાડ્યો છે. કોર્ટે આરોપીના 3 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પકડાયેલા આરોપી સામે સુરતના લિંબાયત પોલીસમથકે 6 જેટલા જ્યારે વાપીના ડુંગરા પોલીસ મથકે 3 મળી 9 જેટલા ગુના નોંધાયા છે.

વલસાડમાં 26 સરકારી શાળામાં શિક્ષણાધિકારીની આકસ્મિક તપાસ

13 ટીમની તપાસમાં અનેક વિસંગતતા સામે આવી

આચાર્યોને નોટિસ, ત્રણ દિવસમાં જવાબ મંગાયો

ક્યા ક્યા મુદ્દાઓનો સમાવેશ

શાળામાં શૈક્ષણિક ગુણવત્તાની ચકાસણી, વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક બાબતો, એચ. ટાટ આચાર્યો દ્વારા 18 તાસ લેવાના હોય છે, જે બાબતની દૈનિક નોંધપોથી નિભાવી છે કે કેમ, શાળાકીય સ્વચ્છતા, એમ કુલ 70 વિદ્યાનોની ચકાસણી ટીમ દ્વારા હાથ ધરાઈ હતી. જેમાં મહત્તમ શાળાઓમાં 50 ટકાથી વધુ નકારાત્મક બાબતો જોવા મળી હતી.

વલસાડઃ સરકારી પ્રાથમિક શાળામાં આકસ્મિક તપાસ દરમિયાન 26 શાળામાં શૈક્ષણિક અનિયમितता, સ્વચ્છતા, એચ. ટાટ દ્વારા નિયત તાસ ન લેવા સહિત અનેકવિધ નકારાત્મક બાબતો સહિત 70 વિષયના મુદ્દે 13 ટીમએ આકસ્મિક તપાસ બાદ રિપોર્ટ આપ્યા બાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા નોટિસો પાઠવી ત્રણ દિવસમાં ખુલાસો મંગાવતા પ્રાથમિક શિક્ષણ જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ઉચ્ચ સ્તરીય આદેશોના પગલે વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ અલગ અલગ વિસ્તારના કર્મચારીઓની શિક્ષકોની કુલ 13 ટીમ બનાવી પ્રાથમિક શાળાઓમાં શાળા મૂલ્યાંકન હાથ ધર્યું હતું. અત્યંત બારીકાઈથી શરૂ કરેલા અભિયાનમાં વલસાડ તાલુકાની શાળાઓ સૌથી વધુ હોવાનું બહાર આવ્યું છે. અભિયાનના ઘણી નકારાત્મક બાબતો જોવા મળી હતી. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વસાવાએ જણાવ્યું કે, તપાસમાં શૈક્ષણિક ગુણવત્તા સહિત અનેકવિધ વિસંગતતા જોવા મળી હતી, જે ચલાવી લેવાય નહીં. જેથી તમામ 26 આચાર્યોને નોટિસ પાઠવી ત્રણ દિવસમાં ખુલાસો મંગાવ્યો છે, ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. આવનારા સમયમાં પણ આકસ્મિક તપાસ યથાવત રહેશે.

ઉમરગામમાં જન્મ મરણના દાખલાનું પોર્ટલ બંધથી હાલાકી

ઓવર લિમિટના કારણે બંધ, 100ના બદલે 500 દાખલા ઈસ્યુ કરવાની મર્યાદામાં મંજૂરી આપવા માંગ

ઉમેશ સોલંકી

ઉમરગામઃ ઉમરગામ તાલુકામાં જન્મ મરણના દાખલાનુ પોર્ટલ ઓવર લિમિટના કારણે બંધ રહેતા લોકોને હાલાકી પડી રહી છે

ઉમરગામ તાલુકાના ડેહલી ગ્રામ પંચાયતના સરપંચ પ્રભુભાઈ પાટકરના જણાવ્યા પ્રમાણે દર મહિને દાખલાની લિમિટ માત્ર 100 હોવાના કારણે કામો અટકી જાય છે. અમારે ત્યાં ભિલાડ ડેહલીમા સરકારી હોસ્પિટલ તથા ખાનગી શ્રીજી હોસ્પિટલ આવેલી હોય મહિને મોટા પ્રમાણમાં જન્મની નોંધની થાય છે. આ તરફ મહિનામાં 100 દાખલાની લિમિટ હોવાના કારણે ઘણીવાર પોર્ટલ ઓવર લિમિટના કારણે બંધ થઈ જવાના કારણે લોકોએ મુશ્કેલી વેઠવી પડે છે. ઓપરેટરો પણ લાચાર બની જાય છે. અમને પણ લોકોને જવાબ આપવો પડે છે. આ પ્રશ્નના નિરાકરણ બાબતે લિમિટ વધારવા સરકાર ધ્યાન આપે તે ખૂબ જ જરૂરી છે. આ તરફ સમગ્ર બાબતે વલસાડ જિલ્લાના સાંસદ ધવલભાઈ પટેલને પણ રજૂઆત કરાતા તેમને પણ અધિક જિલ્લા રજિસ્ટાર જિલ્લા સેવા સદન જન્મ અને મૃત્યુ નોંધની વિભાગ વલસાડને પત્ર લખી નાગરિકોને વધુ સારી અને સમયસર સેવા મળી રહે તે હેતુસર ઉમરગામના ડેહલી ગ્રામ પંચાયતને મહિને ઓછામાં ઓછા 500 જન્મ દાખલા ઈસ્યુ કરવાની મંજૂરી આપવામાં આવે તેવી ભલામણ કરી છે

પારડીના બગવાડા ટોલનાકા પર કર્મચારીઓ પર મારપીટનો આક્ષેપ

મુંબઈનો શખ્સ હોસ્પિટલમાં સારવાર હેઠળ, ચાર સામે ફરિયાદ

પારડીઃ પારડી નેશનલ હાઈવે બગવાડા ટોલનાકા પર ટોલ કર્મચારીઓ દ્વારા બે વ્યક્તિ સાથે મારપીટ કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. મુંબઈના સાયન કોલીવાડા વિસ્તારમાં રહેતા અને વડાપાવનો ધંધો કરતાં મનોજભાઈ શેષમણી મિયા (ઉ.વ.46) પોતાના મિત્ર મણિકંદન રમૈયા સાથે વલસાડથી પરત મુંબઈ જઈ રહ્યા હતા. તેઓ બગવાડા ટોલનાકા પર પહોંચ્યા ત્યારે ટોલ બૂથમાંથી પસાર થતી વેળાએ ગાડીના કાચ પર ટોલનો દંડો પડતાં તેમણે ટોલ કર્મચારીઓને આ બાબતે કહ્યું હતું. આ મુદ્દે બોલાચાલી થતાં ટોલનાકાના ચાર કર્મચારીએ લાકડીઓ તથા બેઝબોલ બેટથી બંનેને માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટનામાં બંનેને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મનોજભાઈ અને તેમના મિત્રને સારવાર માટે વાપીની વાયબ્રન્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મામલે બગવાડા ટોલનાકાના ચાર અજાણ્યા કર્મચારીઓ વિરુદ્ધ પારડી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

નવસારીમાં વીજ કરંટથી 16 વર્ષની કિશોરીનું મોત

રજૂઆત બાદ પણ તૂટેલા વાયરો હટાવાયા નહીં, વિભાગની બેદરકારીઃ પરિવારનો આક્ષેપ

પોલીસ ઘટનાને માત્ર અકસ્માત તરીકે નહીં, પરંતુ આપઘાતની સંભાવનાથી પણ તપાસી રહી છે

નવસારીઃ નવસારીના કૃષિ યુનિવર્સિટી વિસ્તાર નજીક આવેલા સરગમ એપાર્ટમેન્ટ પાસે 16 વર્ષની કિશોરીનું કરંટ લાગવાથી થયેલું કરૂણ મોત સમગ્ર શહેરને ઝંઝોળી ગયું છે. એક પળમાં નિર્દોષ જીંદગી સમાપ્ત થતાં પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

ઘટના બાદ પરિવારજનોએ વીજ વિભાગ પર સીધો અને કડક આક્ષેપ કર્યો છે. તેમના જણાવ્યા મુજબ વિસ્તારમાં લાંબા સમયથી તૂટેલા અને જોખમી વીજ વાયર પડેલા હતા, જેને લઈને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. છતાં, તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નહોતા. પરિવારનો દાવો છે કે આ બેદરકારી જ તેમની દીકરી માટે જીવલેણ સાબિત થઈ.

અકસ્મત બાદ સ્થાનિક લોકો તરત જ મદદે દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સ દ્વારા કિશોરીને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

એક તરફ પરિવાર ન્યાયની માંગ સાથે તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરી રહ્યો છે, તો બીજી તરફ પોલીસ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ આગળ વધારી રહી છે. આ ઘટના હવે માત્ર દુર્ઘટના નથી રહી, પરંતુ સત્ય બહાર લાવવાની કસોટી બની છે–જ્યાં દરેક જવાબ પાછળ એક નવો સવાલ ઉભો થઈ રહ્યો છે.

પોલીસ તપાસમાં કેસે નવો વળાંક લીધો છે. એપાર્ટમેન્ટમાં લાગેલા CCTV ફૂટેજની તપાસ કરતાં કિશોરી રાત્રિના સમયે ધાબા તરફ જતી નજરે પડી રહી છે. આ દૃશ્યોને આધારે પોલીસ હવે ઘટનાને માત્ર અકસ્માત તરીકે નહીં, પરંતુ આપઘાતની સંભાવનાથી પણ તપાસી રહી છે. જોકે, હજી સુધી કોઈ અંતિમ નિષ્કર્ષ સામે આવ્યો નથી, જેના કારણે સમગ્ર મામલો વધુ ગૂંચવણભર્યો બની ગયો છે.

વાપી-સલવાવ હાઈવે પરથી દારૂ ઝડપાયો

વાપીઃ વલસાડ એલસીબી ટીમને મળેલી બાતમી આધારે, વાપી નજીકના સલવાવ ને.હા.નં.48 પર વોચ ગોઠવી હતી અને વર્ણવેલ નંબરવાળો બંધ બોડીનો ટેમ્પો આવતા પોલીસે તેને અટકાવ્યો હતો. ટેમ્પોમાં તપાસ કરતા પાસ પરમિટ વિનાના વિદેશી દારૂ અને બીયરના બોક્સનો જથ્થો મોટી માત્રામાં મળી આવ્યા હતા. પોલીસે ટેમ્પોચાલકનું નામઠામ પૂછતાં દક્ષેશ ઉર્ફે ટપુ વિષ્ણુભાઈ મીતના (ઉં.વ.32, રહે., કાલય, તા.ઉમરગામ) હોવાનું અને દારૂનો જથ્થો ભરેલો ટેમ્પો જતીન (રહે., દમણ) એ આપ્યો હોવાનું જણાવ્યું હતું. ટેમ્પોમાંથી મળી આવેલ વિદેશી દારૂ-બીયરના બોક્ષની કિંમત 12,10,320 આંકવામાં આવી હતી. કુલ રૂ.19,15,320નો મુદ્દામાલ કબજે કરી લઈ વાપી ડુંગરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

સમગ્ર વિસ્તારના શિક્ષણપ્રેમી લોકો માટે ગૌરવપૂર્ણ ક્ષણ...

બીલીમોરા ઇન્ટરનેશનલ સ્કૂલને CBSE માન્યતા, હવે રાષ્ટ્રીય સ્તરનાં શિક્ષણયાત્રાનો પ્રારંભ કરાયો

બીલીમોરા, તા.૧૭ : ગણદેવી તાલુકા તથા બીલીમોરા આસપાસના વિસ્તાર માટે આનંદ અને ગર્વની લાગણી જગાવનાર મહત્વપૂર્ણ ઘટના રૂપે બીલીમોરા ઇન્ટરનેશનલ સ્કૂલને Central Board of Secondary Education (CBSE) તરફથી સત્તાવાર માન્યતા પ્રાપ્ત થઈ છે. આ માન્યતા સાથે શાળા હવે રાષ્ટ્રીય સ્તરના શિક્ષણ માળખા સાથે જોડાઈ ગઈ છે, જે વિદ્યાર્થીઓ માટે નવી તકોના દ્વાર ખોલે છે.

કોરોના જેવી વૈશ્વિક મહામારીની પડકારજનક પરિસ્થિતિ વચ્ચે શરૂ થયેલી આ શાળાએ શરૂઆતથી જ સંકલ્પ, સંઘર્ષ અને સમર્પણના બળ પર આગવું સ્થાન મેળવ્યું છે. મુશ્કેલ સમયમાં પણ શિક્ષણને સતત રાખવાની સાથે શાળાએ નવીન અને ટેક્નોલોજી આધારિત શિક્ષણ પદ્ધતિઓ અપનાવી, વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડ્યું હતું. આજે તે જ પ્રયત્નોનું ફળ રૂપે શાળાને CBSE જેવી પ્રતિષ્ઠિત સંસ્થાની માન્યતા પ્રાપ્ત થઈ છે.

શાળાએ શરૂઆતથી જ "શિક્ષણ સાથે સંસ્કાર"ના મૂલ્યોને કેન્દ્રસ્થાને રાખીને કાર્ય કર્યું છે. અનુભવી અને પ્રતિબદ્ધ શિક્ષકવર્ગ, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ ક્લાસરૂમ, ડિજિટલ લર્નિંગ અને વિદ્યાર્થીન્દ્રિત અભિગમના કારણે શાળા ટૂંકા સમયમાં જ વાલીઓમાં વિશ્વાસનું મજબૂત કેન્દ્ર બની છે. શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકો પૂરતું ન રહે, પરંતુ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં શાળા સતત પ્રયત્નશીલ રહી છે. CBSE કરિક્યુલમ સાથે જોડાવાથી હવે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક માહોલમાં પોતાનું કૌશલ્ય પ્રદર્શન કરવાની વધુ તકો મળશે. ખાસ કરીને NEET અને JEE જેવી પ્રતિષ્ઠિત પ્રવેશ પરીક્ષાઓ માટે મજબૂત શૈક્ષણિક આધાર તૈયાર થશે. વૈજ્ઞાનિક અભિગમ, તર્કશક્તિ નવીન વિચારધારા અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂકાતાં વિદ્યાર્થીઓ ભવિષ્યમાં વધુ આત્મવિશ્વાસ સાથે આગળ વધી શકશે.

શાળાની ટેગલાઇન "Unlock Your Ability" મુજબ, દરેક વિદ્યાર્થીની અંદર રહેલી વિશેષ ક્ષમતાને ઓળખી તેને વિકસાવવાનો સંકલ્પ શાળા સતત નિભાવી રહી છે. અભ્યાસ સાથે સાથે સહપાઠ્ય પ્રવૃત્તિઓ, નેતૃત્વ વિકાસ, સંસ્કાર શિક્ષણ અને સામાજિક જવાબદારી જેવા પાસાઓ પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

આ સિદ્ધિ શાળા મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, શિક્ષકવર્ગ અને સ્ટાફના અવિરત પરિશ્રમનું પરિણામ છે. સાથે જ વાલીઓના અડગ વિશ્વાસ અને વિદ્યાર્થીઓની મહેનત પણ આ સફળતામાં સમાન ભાગીદાર છે. સમગ્ર ગણદેવી તાલુકા માટે આ એક ગૌરવની બાબત બની છે, કારણ કે હવે સ્થાનિક સ્તરે જ રાષ્ટ્રીય ધોરણનું શિક્ષણ ઉપલબ્ધ બનશે. બીલીમોરા ઇન્ટરનેશનલ સ્કૂલ હવે CBSE સાથે શિક્ષણના નવા અધ્યાયમાં પ્રવેશી રહી છે, જ્યાં ગુણવત્તા, સંસ્કાર અને પ્રગતિનો સુંદર સમન્વય કરી ભવિષ્યના જવાબદાર અને સજાગ નાગરિકોને ઘડવાનો સંકલ્પ વધુ મજબૂતી સાથે આગળ વધશે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)
CIN:L65110TN2014PLC097792
નોંધાયેલ ઓફિસઃ KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031.
ફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022

IDFC FIRST Bank

પરિશિષ્ટ IV [નિયમ 8(1)] કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જ્યારે અધોહસ્તાક્ષરિત સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સદર કાયદાની કલમ 13(12) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના [નિયમ 3] સાથે વાંચતા, દેવાદાર/ સહ-દેવાદારો અને જામીનદારોને નીચે દર્શાવેલ ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત રકમ, નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચૂકવી દેવા માટે ડિમાન્ડ નોટિસ જારી કરી હતી.
દેવાદાર/ સહ-દેવાદારો/ જામીનદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેતાં દેવાદાર/ સહ-દેવાદારો/ જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરિતે સદર કાયદાની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેને મળેલી સત્તાનો ઉપયોગ કરતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 સાથે વાંચતા આ નોટિસ દ્વારા અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે.

લોન ખાતા નંબર	દેવાદાર/ સહ-દેવાદાર અને જામીનદારોના નામ	ગીરો રાખેલ મિલકતોનું વર્ણન	ડિમાન્ડ નોટિસ		કબજો લીધાની તારીખ અને પ્રકાર
			તારીખ	તારીખ અને બાકી રકમ (રૂ.)	
45252490	1. શ્રી સુદામ ચંદ્ર જેના 2. શ્રીમતી ઝરણા જેના	ફ્લેટ નંબર 201, જેનું ક્ષેત્રફળ આશરે 720.00 ચોરસ ફૂટ એટલે કે 66.91 ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા છે, જે "સાઈ નંદન રેસીડેન્સી" તરીકે ઓળખાતી 'C' બિલ્ડિંગના બીજા માળે આવેલ છે. જે સર્વે નંબર 142, નવો સર્વે નંબર 793, જેનું કુલ ક્ષેત્રફળ 12061.00 ચોરસ મીટર બિન-ખેતી જમીન પર બાંધવામાં આવેલ છે. સ્થળઃ ચાંદોર, તાલુકોઃ વાપી, જિલ્લોઃ વલસાડ, ગુજરાત. સીમાઓઃ પૂર્વઃ ખુલ્લી જમીન, પશ્ચિમઃ પેસેજ અને ફ્લેટ નંબર 204, ઉત્તરઃ દાદર, દક્ષિણઃ ફ્લેટ નંબર 202.	23.07.2025	Rs. 8,47,546.81/-	15-03-2026 ભૌતિક કબજો
127433909 & 127437507	1. અખિલેશ તિવારી 2. અર્ચના તિવારી	મિલકત એટલે કે રો-હાઉસ નંબર 40, ચણોદ ગ્રામ પંચાયત ઘર નંબર 9183, જેનું ક્ષેત્રફળ 1125 ચોરસ ફૂટ એટલે કે 104.52 ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા છે. જેમાં રેરા કર્પેટ એરિયા 59.00 ચોરસ મીટર, બાલ્કની 10.00 ચોરસ મીટર, ઓટલો 1.58 ચોરસ મીટર અને પાણીની ટાંક